# વિક્રમ સંવત 2082 પિંગલ નામ સંવત્સર

સોમવાર તા. 20-10એ જ નરક ચતુર્દશીનું અભ્યંગ સ્નાન, લક્ષ્મી-કુબેરનું પૂજન અને દીપોત્સવ દિવાળીનો સર્વેનો મનપસંદ ઉત્સાહી, ઉલ્લાસપૂર્ણ તહેવાર આવેલો છે. આકાશમાં ચંદ્રદેવની ગેરહાજરી છે પણ બીજે જ દિવસે દર્શની અમાસ આવે છે પણ સંપૂર્ણ પૃથ્વી પર દીવાઓની રોશનીથી પ્રકાશિત થએલ અવનિ નવવધૂની જેમ શૃંગારિત લાગે છે. બાળ, આબાલ બધાં નવપલ્લવિત બને છે. ઘર-ઘરમાં માટીનાં કોડિયાંમાં દીવા પ્રજવલિત કરેલા દેખાય છે અને ઘરની બહાર વીજળીના દીવાની ચમચમ સાથે રંગબેરંગી લાઈટથી પરિસર નવરંગી બની જાય છે. દિવાળી એક મહત્તમ આનંદનો તહેવાર છે. નાનામાં નાના વ્યવસાયી, ગરીબથી લઈને રઈશ સંપત્તિના માલિક સુધી બધા જ જ્ઞાતિ, ધર્મના સહિષ્ણુ લોકો આ તહેવારને પોતીકો દિવસ માને છે. દિવાળી અજવાળું કરે છે. સર્વત્ર આસોમાસનો છેલ્લો તહેવાર એટલે નરક-ચતુર્દશી અને અમાસ એટલે જ દિવાળી. આસો વદ ચૌદસના દિવસે જ 15.44 પછી લક્ષ્મીપૂજન છે.

અને બુધવાર તા. 22 ઓકટોબર 2025ના શુભ દિવસથી નૂતન વર્ષ કારતક માસનું આગમન થાય છે અને વિક્રમ સંવત 2082 પિંગલ નામ સંવત્સર પ્રારંભ થાય છે અને નૂતન વર્ષ-સાલમુબારકનો મધુર સ્વર ગુંજન કરે છે. મંદિરોમાં અન્નકૂટના દર્શન થાય છે. આરતી અને ઘંટારવ સાથે નગારું વાગે છે. બધા જ લોકો નવા વર્ષના આગમનથી ઉત્સાહી બને છે. વેપારીઓ હિસાબી ચોપડાનું પૂજન કરે છે. નવી લેનદેન શરૂ થાય. સાલમુબારક કરવા માટે લોકો એકબીજાને મળે છે મિત્રતાનો હાથ લંબાવે. સુહાગનો બનીઠનીને શૃંગાર કરીને એકબીજાને શુભેચ્છા આદાનપ્રદાન કરે છે. સૌભાગ્ય દ્રવ્યોની આપ-લે કરી બધાં વડીલોને પગે લાગે અને વડીલો આનંદી બનીને નાનાઓને શુભાશિષ આપે છે. 2082 પિંગલ નામ સંવત્સર વિક્રમ સંવતનું યશદાયી વર્ષ છે. ગુરુવાર તા. 23-10-25 કારતક સુદ બીજ ભાઈબીજનો મંગલ અને સ્નેહ સુખનો ભાઈબહેનના અતૂટ પ્રેમનો તહેવાર છે. ભારતીય સંસ્કૃતિમાં રક્ષાબંધન અને ભાઈબીજ આ બે તહેવારો ભાઈબહેનના અમર

> આકાશમાં ચંદ્રદેવની ગેરહાજરી છે પણ બીજે જ દિવસે દર્શની અમાસ આવે છે પણ સંપૂર્ણ પૃથ્વી પર દીવાઓની રોશનીથી પ્રકાશિત થએલ અવનિ નવવધૂની જેમ શૃંગારિત લાગે છે. બાળ, આબાલ બધાં નવપલ્લવિત બને છે ઘર-ઘરમાં માટીનાં કોડિયાંમાં દીવા પ્રજવલિત કરેલા દેખાય છે

પ્રેમના પ્રતીક છે. દૂરદૂરથી ભાઈબહેન એકબીજાને મળવા આવે. લાડલી બેન ભાઈને ઔક્ષણ કરે (આરતી ઉતારે), તિલક કરે, ભાઈનું મોઢું મીઠું કરે અને ભાઈબહેનને ભેટવસ્તુ આપે. બહેનના રક્ષણ માટે હંમેશાં તૈયાર રહે. સમાજમાં વિચરતી બધી જ દીકરીઓ આપણી બેનો છે એટલે યુવાન ભાઈ કર્તવ્યપાલન કરવાનું વચન આપે છે. બેનો પણ સમાજમાંના દીકરાઓ પોતાના ભાઈતુલ્ય છે એવું મનોમન સ્વીકારે છે એટલે બેનોને તથા સમાજમાં નારીને સંરક્ષણ મળે છે. ભાઈબીજ, પવિત્ર સગપણ છે. ભાઈબહેનનું સગપણ અતિ ઉચ્ચતમ, પવિત્ર છે. તેનું પાલન કરવું ભાઈબહેનોનું પરમ કર્તવ્ય છે.

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**


બેનના દીકરા-દીકરીઓ ભાઈના ભાણેજ - ભાણીઓ તરીકે સંબોધાય છે અને ભાઈ મામા તરીકે ઊભો થાય છે. જ્યારે પણ પ્રસંગે 'મામા' એટલે બે માનો પ્રેમ આપનારી વ્યક્તિ જે મામા બેનના સંતાનો માટે યોગદાન આપે, તે મામાના પુણ્યમાં વધારો થાય છે અને મામા સુલક્ષણી બને છે એવું શાસ્ત્રમાં વિદિત છે. ભાઈ-બહેન હંમેશાં સખ્ય રાખે કારણ બેનનો આશીર્વાદ જ ભાઈની કીર્તિ વધારે છે. તેને યશ અપાવે છે. ભાઈ ધૈર્ય છે તો બેનો શક્તિ છે.

કૃષ્ણ અને સુભદ્રા જેવાં ભાઈ -બહેન બનીને રહેવાથી આયુષ્ય - ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. પ્રગતિ સાથે ખ્યાતિ મળે છે.

મહાભારતનો શકુનિમામા, સ્વાર્થી અને અમાનુષ છે. કૃષ્ણના આઠમા અવતારમાંનો મથુરાનરેશ કંસમામા વિદ્રોહી, પ્રાણઘાતક અને શિશુ હત્યારો છે. એમના જેવી વૃત્તિ અને પ્રવૃત્તિ હીન ત્યાજ્ય છે. એ પુરુષો મામા નથી પણ એક પવિત્ર સગપણ પરના કલંકો છે.

રવિવારે તા 26-10-25 એ કારતક સુદ પાંચમ છે. જે લાભ પાંચમ કે પાંડવ પંચમીના નામે ઓળખાય છે. નૂતન વર્ષનો આનંદ લાભપાંચમે બધાંને આપવાનો રિવાજ છે.

સૌ વાચકોને દિવાળી અને નૂતન વર્ષ માટે શુભેચ્છાઓ!



# દુનિયામાં દુર્લભ શું છે?

મિત્રો, જાણીએ કે દુનિયામાં દુર્લભ શું છે? સંસારમાં કોઈ પણ પ્રકારનું બંધન કાં તો રડાવનારું કાં તો થકાવનારું છે. મુક્તિમાં જ આનંદ છે પણ ભાગવતમાં મુક્તિને દાસી બતાવવામાં આવી છે. મુક્તિ કોની દાસી છે? કહે- ભક્તિની. ભક્તિ મહારાણી છે. ભક્તિ ખૂબ દુર્લભ છે. મોક્ષ દુર્લભ નથી. હા, મુમુક્ષા એટલે કે મુક્તિની પ્યાસ દુર્લભ છે. ભગવાન દુર્લભ નથી. ભગવાન સર્વત્ર અને સર્વદા છે. એમને દુર્લભ ક્યાંથી કહેવાય? એક મહાત્મા કહેતા કે ભગવાને પોતાની જાતને અતિ સુલભ બનાવીને છુપાવી છે. તો દુર્લભ શું છે? ભગવદ્ પ્રાપ્તિ ખૂબ સરળ છે પણ ભગવદ્ પ્રાપ્તિની દૃઢ ઈચ્છા ખૂબ દુર્લભ છે. જો ભગવદ પ્રાપ્તિ સરળ છે તો એને માટે શું કરવાનું? કરવાનું કશું નથી. બધું કરવાનું છોડી દો. સહજ બનો, સરલ બનો. 'સરલ સુભાવ ન મન કુટિલાઈ, જથા લાભ સંતોષ સાદ હિં'' કપટ છોડો, મન સાફ કરો. 'નિર્મલ મન જન સો મોહિ પાવા મોહે કપટ છલ છિદ્ર ન ભાવા' ભગવદ્ પ્રાપ્તિ સરળ છે ને? સરળ બનવાનું. હા, પણ એ સરળ બનવું ખૂબ કઠિન છે.

પૂ. ડોંગરેજી મહારાજ કહેતા કે, 'જે સીધો તે સાધુ' સરલતા અને સરિતા સહજ વહે. જીવન વહેતી નદી જેવું હોવું જોઈએ. એને આપણે નહેર જેવું બનાવી દીધું! પ્લાનીંગથી નદીના નકશા ન બને. નદી અનુસાર નકશા બને. જ્યારે નહેરના નકશા બને- બાકાયદા. પ્લાનીંગ થાય. નહેરથી નદી આ તરફ જશે, અહીંથી અહીં લઈ જવાશે. સંસારીઓના જીવનમાં વ્યવસ્થાનું અતિ મહત્ત્વ છે. કથામાં પણ આવે તો કહે- વ્યવસ્થા સારી હોવી જોઈએ. જ્યારે સંતનો સંબંધ વ્યવસ્થાથી નહીં પણ આસ્થાથી છે. હવે, મૂળ વાત તરફ જઈએ. ભગવાન આદ્ય શંકારાચાર્યના મતે દુર્લભ વસ્તુ કઈ છે? જવાબ છે- 'મનુષ્યત્વં, મુમુક્ષુત્વં, મહાપુરુષ સંશ્રય:' મતલબ મનુષ્યત્વ, મુમુક્ષા અને સત્સંગ એટલે કે મહાપુરુષોનું સાન્નિધ્ય. દુર્લભ દેવત્વ નથી. મનુષ્યત્વ દુર્લભ છે.

ખૂબ પુણ્ય કરવાથી માણસ દેવ બને, સ્વર્ગના દ્વાર ખૂલે પણ સ્વર્ગના દેવતા પણ પૃથ્વી પરના મનુષ્યના ભાગ્યની સરાહના કરે. ઘણી વાર કથાઓમાં ચર્ચા કરી છે કે સરખામણી કરવી હોય તો સમજો. દેવ શરીર મતલબ ચાંદી. મનુષ્ય શરીર એટલે લોઢું. ચાંદીની કિંમત તો વધારે ને? તો સીધી વાત છે કે મહિમા દેવશરીરનો છે. મનુષ્ય કરતાં દેવ શ્રેષ્ઠ છે એટલે તો મનુષ્ય દેવોને ભજે છે, પૂજે છે. દેવતાઓ



પાસે વિશેષ શક્તિ છે. સ્વાભાવિક છે કે સૌ ચાંદી પસંદ કરશે. દેવ બનવાનું ઈચ્છશે. પણ ચાંદી તરફ દોટ મૂકતાં લોકો સામે જાહેરાત કરાય કે- સાંભળો, તમને પારસમણિનો સ્પર્શ કરાવવામાં આવશે તો? ચાંદી તરફ ભાગતા ચરણ દિશા બદલી લોઢા તરફ જશે. ચાંદીમાં તો પારસમણિના સ્પર્શથી કોઈ પરિવર્તન નથી પણ લોઢું પારસના સ્પર્શ માત્રથી સોનું બનશે. હવે તો મનુષ્ય બનવું જ સારું ને? પણ પારસમણિ

દૃષ્ટાંત:- એક પૌહારી બાબા હતા. સ્વામી વિવેકાનંદ ભારતમાં વિચરણ કરતા હતા ત્યારે પૌહારી બાબાના આશ્રમે

> સ્વામી વિવેકાનંદે કથા સંભળાવનાર સાધુને પૂછ્યું કે, ''તમને પૌહારીબાબાની આ કથા ક્યાંથી ખબર?'' આંખમાં આંસુ સાથે એ સાધુએ કહ્યું, ''એ ચોર હું જ છું. પૌહારી બાબાની સંગતમાં આવ્યો ને આજે હું તમારી સમક્ષ છું.''

પહોંચ્યા. ત્યાં એક સાધુ આશ્રમ સંભાળતા હતા. સાધુએ વિવેકાનંદને એક કહાની સંભળાવી: એક વાર એક ચોર ચોરી કરવા એમના આશ્રમમાં આવ્યો. રાતનો સમય. એણે આશ્રમમાં ચોરી કરી. સામાન એકત્ર કર્યો. એક થેલો તૈયાર કર્યો, વાસણ તથા અન્ય સામગ્રી ભરી. થેલો વજનદાર થયો. જોર લગાવી એણે ખભે ચઢાવ્યો પણ થયું એવું કે થેલામાં રહેલાં વાસણોએ રણકાર કર્યો. પૌહારીબાબા જાગી ગયા. ''કોણ છે? સીતારામ! કોણ?'' ચોર ગભરાયો કે બાબા જાગી ગયા હવે નક્કી પકડાઈ જઈશ. માર પડશે. બાબા મજબૂત છે. ભાગો અહીંથી સામાન ત્યાં જ મૂકીને ચોર ભાગ્યો. થોડી વાર તો એ ધીરે-ધીરે ચાલતો રહ્યો. ત્યાં તો પાછળથી અવાજ સંભળાયો એ મહાત્માનો. ''અરે! થોભી જા, ક્યાં દોડ્યો જાય છે? થોભ.'' ચોરે વિચાર્યું આ બાબા તો નીડર નીકળ્યા. પીછો કરે છે! પકડશે તો પીટશે. દમ લગાવીને ભાગ્યો. પૌહારીબાબા પાછળ-પાછળ, ''એ થોભી જા. હું કહું છું થોભ.'' પૌહારી બાબાએ ચોરને પકડી લીધો. ચોર કહે, ''બાબા, જવા દો. ક્યારેય તમારા આશ્રમમાં ચોરી ન કરું.'' કાલાવાલા કરે. બાબા કહે,''અરે યાર! જાય છે ક્યાં? તું લેવા આવેલો એ સામાન તો લઈ જા.'' પૌહારીબાબા પેલો થેલો લઈને ચોરને આપવા પાછળ દોડેલા. લાગે છે આ બધી ચીજવસ્તુની જરૂરિયાત મારા કરતાં તને વધારે છે. અડધી રાત્રે આવ્યો. જોખમ વહોરીને બધું ભેગું કર્યું- મને આની એટલી આવશ્યકતા નથી. જા, લઈ જા. આટલું કહી હાંફતા પૌહારીબાબા સીતારામ- સીતારામ રટતાં આશ્રમ તરફ જવા લાગ્યા. ચોર આશ્ચર્યથી બાબાને જોઈ રહ્યો. કમાલ છે! સાધુ આવા ય હોય! સામાન ત્યાં જ મૂકી ચોર પણ બાબાની પાછળ ચાલ્યો. બાબા, ઊભા રહો, ઊભા રહો. ચોરે પાસે જઈ બાબાના ચરણ પકડી લીધા. બાબા, આજથી આ બધું બંધ, આપના શરણમાં રાખો. બાબા બોલ્યા,''આશ્રમમાં રહેવું છે? આવી જા, વાસણ લઈ આવ. અહીં પણ જોઈશે. વાસણોની સાથે-સાથે આશ્રમ પણ તારો. અહીં રહેજે.''

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

સાધુ બોલ્યા,''એ ચોરનું એવું હૃદયપરિવર્તન થયું વિવેકાનંદ કે એ ચોર સાધુ બની ગયો! વો લોહા કંચન કરે, યે કરે આપ સમાન.'' સ્વામી વિવેકાનંદે કથા સંભળાવનાર સાધુને પૂછ્યું કે,''તમને પૌહારીબાબાની આ કથા ક્યાંથી ખબર?'' આંખમાં આંસુ સાથે એ સાધુએ કહ્યું,''એ ચોર હું જ છું. પૌહારીબાબાની સંગતમાં આવ્યો ને આજે હું તમારી સમક્ષ છું.''

તલવાર લોઢાની હોય, પારસનો સ્પર્શ થાય તો એ સોનાની થઈ જાય બરાબર પણ ત્રણ વસ્તુ ન બદલાય. માર, ધાર અને આકાર. આકાર ન બદલાય. તેજ ધાર સ્વભાવ ન બદલાય; ને મારવાનું એનું કર્મ ન બદલાય. જ્યારે સાધુના સંગમાં કોઈ સાધુ બને તો આકૃતિ સંપૂર્ણપણે બદલાય. સાત્ત્વિક મૂર્તિ બને, જોતા જ મસ્તક ઝૂકી જાય. એની સંગતિમાં શાંતિ મળે. કેટલાંય મહાપુરુષોને સાંભળનારા વૈષ્ણવોને જોયા છે એમને મોઢે સાંભળ્યું છે- 'ભાઈશ્રી, મારું જીવન ખૂબ અલગ હતું. બૂરાઈઓથી ભરેલું મેં જોયું એના લલાટમાં તિલક, આકૃતિમાં સૌમ્યતા, હાથમાં માળા ને જપ ચાલતા હતા. એણે મને પોતાની કહાની બતાવી જેમ પેલા સાધુએ વિવેકાનંદને બતાવી તેમ. પૂ. ડોંગરેજી મહારાજની કથા મુંબઈના મેદાનમાં ચાલતી હતી. હું એકદમ નાસ્તિક વળી સાધુ સંતોને પણ તિરસ્કારતો કે એ તો સમાજ પર બોજ છે. હું દારૂ પીતો, માંસાહાર કરતો, જુગાર રમતો. રવિવારના દિવસે મિત્ર સાથે જુહુ ફરવા જવાનો પ્લાન હતો. સાંજનો સમય. રસ્તામાં મેદાનમાં મોટો પંડાલ લાગેલો. હજારો લોકો પૂ. ડોંગરે મહારાજની કથા સાંભળતા હતા. ભોપૂ લગાડેલા તેથી અવાજ બહાર સંભળાતો હતો. મિત્રે કહ્યું, ચાલ, જરા જોઈએ તો ખરા! પણ મેં નારાજગી બતાવી. મને રૂચિ ન હતી. મિત્ર પરાણે લઈ ગયો. કુતૂહલથી હું પણ ખેંચાયો. પંડાલ પૂરો ભરેલો અરે બહાર પણ લોકો! પહેલી વાર મેં આવું વાતાવરણ જોયું. લોકો દત્તચિત્ત બની કથા શ્રવણ કરતા હતા. 15 મિનિટ પછી મિત્રે કહ્યું- ચાલ, જઈએ તો તેના આશ્ચર્ય વચ્ચે મેં તેને રોક્યો. પોણો કલાક કથા સાંભળી. કથા વિરામ પછી બાપજી, કોરીડોરમાંથી પસાર થઈ ભક્તોને દર્શન આપશે એવી જાહેરાત થઈ. બાપજીના દર્શન થયા. સાક્ષાત વૈરાગ્યની મૂર્તિ, સાત્ત્વિકતા, ભજનનો પ્રભાવ, કોઈ ભક્તે ફૂલમાળા પહેરાવેલી. બાપજી સમીપ આવ્યા. મિત્રે હાથ જોડ્યા તો મેં પણ પ્રણામ કર્યા. અચાનક શું થયું કે બાપજીએ પોતાના ગળામાંથી ફૂલમાળા કાઢી મારા ગળામાં નાખી. પહેલી વાર જીવનમાં ભાવુક બની રડવા લાગ્યો. મારા જીવનનું પરિવર્તન થઈ ગયું, અલ્પ સમય જ સંતના સંગમાં આવવા માત્રથી તો આ છે સંતના સત્સંગનો પ્રભાવ.

પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રીના સત્સંગને આધારે)